માર્ચ ૨૦૧૨

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ



# વ્હાલા નીરુમા

બાળમિત્રો,

તમારામાંથી  ઘણા પૂજ્ય નીરુમાને મળ્યા હશે અને ઘણાએ તો પ્રત્યક્ષ જોયા પણ નહીં હોય. બાળક જેવા સરળ અને પ્રેમથી ભરપૂર એવા આપણા વ્હાલા નીરુમાનો દેહવિલય ૧૯માર્ચ, ૨૦૦૬ના રોજ થયો. પણ તેઓ ક્યાં આપણને સાચે છોડીને ચાલ્યા ગયા છે ? જરૂર વખતે બધાને સપનામાં આવીને ટેકો અને બળ આપતા જ રહે છે ને !

તો આવો, આ અંકમાં આપણે નીરુમાને મળીએ. એમના જીવનના પ્રસંગો દ્વારા એમને ઓળખીએ. આમ તો નીરુમાને શબ્દમાં વર્ણવવા અઘરા છે છતાં પ્રયાસ રૂપે, એમની દાદા પ્રત્યેની ભક્તિ અને સમર્પણતા, મહાત્માઓ પ્રત્યેનો પ્રેમ, જ્ઞાન પ્રત્યેની નિષ્ઠા અને ધ્યેય પ્રત્યેની મક્કમતા આ બધું જ આ અંકમાં દર્શાવેલ છે.

ચાલો, જાણીએ 'પ્યારે પ્યારે નીરુમા' વિશે.

-ડિમ્પલ મહેતા


- બાળકોના વ્હાલા નીરુમા
- ચાલો જાણીએ નીરુમા વિશે...
- જ્ઞાન પહેલાનાં નીરુમા
- નીરુમાનું દાદા સાથે મિલન...
- નીરુમા દિન રાત દાદાની સેવામાં
- દાદા પ્રત્યે અનન્ય ભક્તિ અને અભેદતા
- દાદા પ્રેમ વરસાવે !
- દાદાજી કહે છે...
- આખા જગતના "મધર"... આપણા નીરુમા...
- નીરુમાની કરુણા
- પ્રેમસ્વરુપ નીરુમા
- આ તો નવી જ વાત !
- સોનેરી પળો દાદા સંગે
- નીરુમાનો અંતિમ સંદેશો



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૪, અંક : ૭
સળંગ અંક : ૪૩
**માર્ચ ૨૦૧૨**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
અમદાવાદ:
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

રાજકોટ ત્રિમંદિર : ૯૨૭૪૧૧૧૩૯૩
વડોદરા : (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
મુંબઈ : ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# બાળકોના વ્હાલા નીરુમા
















# ચાલો જાણીએ નીરુમા વિશે...

1. સાચું નામ: નિરંજના બાલુભાઇ અમીન
2. પિતાનું નામ: બાલુભાઇ
3. માતાનું નામ: વિજયાબેન
4. જન્મતારીખ : ૨ ડિસેમ્બર, ૧૯૪૪
5. જન્મસ્થળ : ઔરંગાબાદ, મહારાષ્ટ્ર
6. જ્ઞાતિ : ચરોતર પટેલ
7. મૂળ વતન : વસો
8. મોટાભાઈઓના નામ: પ્રહ્લાદભાઈ, રમેશભાઈ, જયવીરભાઇ, અશોકભાઈ, ભાસ્કરભાઈ
9. ભાભીઓનું નામ: શારદાભાભી, કલ્પનાભાભી, સુનીલાભાભી, સંગીતાભાભી, વનલીલાભાભી
10. ભાવતી વાનગીઓ : પાપડીનો લોટ, મઠીયા
11. ભણતર : એમ.ડી. (ગાયનેક)
12. જ્ઞાનની દશા : આત્માનું સ્પષ્ટવેદન
13. દાદાને પ્રથમ મળ્યા તે શહેરનું નામ: વડોદરા
14. આત્મજ્ઞાન પ્રાપ્તિ : ૮ જુલાઇ, ૧૯૬૮
15. જ્ઞાન પ્રાપ્તિ સમયે ઉંમર : ૨૩ વર્ષ
16. ધ્યેય : જગત કલ્યાણ, મોક્ષ
17. દેહ વિલય : ૧૯ માર્ચ, ૨૦૦૬
18. સમાધિ સ્થળ : સીમંધર સીટી, અડાલજ
19. નીરુમાનો અંતિમસંદેશો : પ્રેમથી રહેજો, પ્રોમીસ ?



અમીન પરિવારમાં પાંચ દીકરાઓ પછી લાડકવાઈ દીકરી તરીકે નીરુમા હતા. પાંચ-પાંચ દીકરાઓ પછી દીકરીનો જન્મ થતાં પરિવારમાં બધા ખૂબ આનંદિત થઈ ગયા હતા. જન્મ થયો ત્યારે પેંડા વહેંચાયા હતા અને બેન્ડ વાજા સાથે ઊત્સવ મનાયો હતો. નાનપણથી ભણવામાં તેજ એવા નીરુમાની યાદશક્તિ જોરદાર હતી. આગળ જતાં તેમણે ડૉકટરની લાઈન પસંદ કરી.


શ્રીમંત કુટુંબના, ભણવામાં અને બધી રીતે હોશિયાર હોવાને કારણે એમનો અહંકાર બહુ ભારે હતો. નાની ઉંમરમાં મમ્મી એમને ભગવાનની ભક્તિ કરવાનું કહેતા પણ એમને બહુ રસ ન હતો. માત્ર બેસતા વર્ષના દિવસે હવેલીએ કૃષ્ણ ભગવાનના દર્શન કરવા જતા. પણ સાથે મમ્મીને કહેતા કે, ‘જો પડદા બંધ હશે તો હું ત્યાં વધારે સમય ઊભી નહીં રહું.’

એમના મમ્મી એમને રસોઈ શીખવાનું કહેતા ત્યારે તેઓ જવાબ આપતાં કે હું મેડીકલનું આટલું અઘરું અઘરું શીખું છું, તો રસોઈ તો સાવ નાની બાબત છે, આમ શીખી જઈશ. અત્યારે શા માટે એમાં ટાઈમ બગાડું ? આમ એમના મમ્મીને ચિંતા રહ્યા કરતી કે આ છોકરી કશું કામ કરતી નથી, કંઈ શીખતી નથી. આ છોકરીનું શું થશે ? નક્કી આ સાસરેથી પાછી આવશે.

ત્યાર પછી એમના મમ્મી ખૂબ બીમાર પડ્યા. જ્યારે તેઓ પથારી વશ હતા ત્યારે નીરુમાને થયું કે હું એમની સેવા-ચાકરી કરું. ત્યાર બાદ મમ્મીના અવસાન અગાઉ છ મહિના ખૂબ સેવા કરી. એમની બધી જ સંભાળ નીરુમા રાખતા. ધર્મના પુસ્તકો પણ વાંચી સંભળાવતા. અગાઉ ‘દીકરીનું શું થશે ?’ એવું વિચારતા એમના મમ્મી દીકરીની આ સેવાચાકરીથી ખૂબ સંતોષ પામ્યા અને એમને અંતરના ખૂબ આશીર્વાદ પાઠવ્યા.

નીરુમા કહેતા કે છેલ્લા સમયે મધરની સેવા કરીને જે એમની આંતરડી ઠારી, પરિણામે એમના અંતરના આર્શીવાદ મળ્યા અને એના કારણે જ દાદા ભગવાન જેવા મહાન જ્ઞાની પુરુષ મને મળ્યા. જ્ઞાનીની સેવા મળી, સાંનિધ્ય મળ્યું, જ્ઞાન મળ્યું.

# જ્ઞાન પહેલાનાં નીરુમા





# નીરુમાનું દાદા સાથે મિલન...

૧૯૬૮માં એમ.બી.બી.એસ.(ડૉક્ટર)ના છેલ્લા વર્ષમાં નીરુમા ભણતા હતા ત્યારે એમણે એમના મોટા ભાઈ પાસેથી સાંભળ્યું કે વડોદરામાં કોઈ અંબાલાલ મૂળજીભાઈ પટેલ નામના જ્ઞાની પુરુષ રહે છે, જેમને આત્માનું જ્ઞાન થઈ ગયું છે અને બે કલાકમાં આપણને પણ આત્માનું ભાન કરાવી શકે તેમ છે અને પછી આ જીવનમાં કોઈ સુખ-દુઃખ આપણને સ્પર્શી ના શકે. ત્યારે એમણે જીંદગીમાં પહેલી જ વાર 'આત્મા' શબ્દ સાંભળ્યો. એમને થયું કે જો આ જ્ઞાન લીધા પછી સંસારનું કોઈ સુખ કે દુઃખ ન અડે તો એના જેવું ઊંચુ બીજું શું હોઈ શકે ? માટે મારે એ જ્ઞાન લેવું જ છે.

જે દિવસે એમના ભાઈએ એમને દાદાશ્રીની બધી વાતો કરી, તે જ રાત્રે દાદા એમને સ્વપ્નમાં આવ્યા. નીરુમા એ પહેલા દાદાનો કોઈ ફોટો જોયો ના હતો પણ સ્વપ્નમાં એક્ઝેક્ટ એ જ દાદા હતા. સ્વપ્નનું વર્ણન કરતા નીરુમા કહેતા કે, ''દાદા મને ખૂબ ઉપર ઊંચે ઊંચે લઈ જાય છે આકાશમાં. એકદમ ઊંચે ઊંચે, વાદળોના ગોટે ગોટા અને એની ઉપરથી દાદા મને લઈ જાય છે. ત્યારે આનંદ આનંદ હોય છે અને એકદમ જ અંદર શંકા

પડે છે કે આ દાદા મને ક્યાં લઈ જાય છે ? એવું અંદર થયું કે ધાડ કરીને નીચે દરિયામાં પડી અને માછલી થઈ ગઈ.'' સપનું પૂરું થતાં જ તેઓ જાગી ગયા. જાગીને તરત જ એમણે નિશ્ચય કર્યો કે દાદા મળે, તો ઠેઠ સુધી એમને માટે ક્યારેય શંકા નથી કરવી. આપણને ક્યારેક કંઈક ખબર ના પડે તોય એમના પર શંકા તો નથી જ કરવી.

પછી ૧૯૬૮ની ૨૯મી જૂને નીરુમાએ સૌ પ્રથમવાર દાદાને જોયા. એમને જોતા જ જાણે ભવોભવની ઓળખાણ હોય, એવી લાગણી એમણે અનુભવી અને જાણે હૃદયથી એમને સમર્પિત થઈ ગયા. પોતાના છેલ્લા શ્વાસ સુધી દાદાની અને એના ધર્મપત્નિ હીરાબાની સેવા કરવા મળે તો કેવું સારું, એવા ભાવ જાગ્યા.

૮મી જુલાઈ, ૧૯૬૮માં એમણે દાદા પાસેથી આત્માનું જ્ઞાન મેળવ્યું. ભણવાનું ચાલુ રાખતા એમ.ડી. (ડૉક્ટર) થયા. પછી તો એમના જીવનમાં દુ:ખ, ટેન્શનના ઘણા પ્રસંગો આવ્યા જેવા કે એમના વ્હાલસોયા પિતાશ્રીનું અવસાન થયું, મેડીકલની પરીક્ષાઓ આવી પણ અંદર તેમને દુ:ખ કે ટેન્શન ન હતું. ત્યારે એમને અનુભવ થયો કે ઓહોહો ! આ જ્ઞાન અજાયબ અને અદ્ભૂત છે જે જીવનના દરેક પ્રસંગોમાં જીવનમુક્ત દશામાં રાખે છે.

એમને લાગ્યું કે દુનિયામાં ડૉક્ટરો તો ઘણાં થશે પણ આત્માના ડૉક્ટર કોઈ ભાગ્યે જ થશે. માટે કેમ હું પૂજ્ય દાદાજીને આ જગતકલ્યાણના કાર્યમાં સહાયરૂપ ના બનું ! આથી વધારે ઊંચી વર્લ્ડમાં બીજી કઈ વસ્તુ હોઈ શકે ?

ત્યારે જ એમણે નિશ્ચય કર્યો કે દાદાશ્રીની આજીવન સેવા કરવી અને તેમના જ સાનિધ્યમાં રહેવું. અને આમ એમણે પોતાનું સમગ્ર જીવન પરમ પૂજ્ય દાદાશ્રીના સુચરણોમાં સમર્પિત કરી દીધું હતું.

# નીરુમા દિન રાત દાદાની સેવામાં

નીરુમા ૧૯૬૮થી ૧૯૮૮ સુધી એમ પૂરા ૨૦ વર્ષ દાદાશ્રીની સાથે ગામેગામ દેશ વિદેશ ફરી, એમની સેવામાં રહ્યા.

નાની નાની બાબતમાં જેવી કે દાદાને શું ખાવાની ઈચ્છા થઈ છે એ નીરુમાને ખ્યાલ આવી જતો અને નીરુમા એ બનાવી દાદાને જમાડતા. દાદાને તરસ લાગી હોય કે એમને વિચાર આવ્યો હોય કે પાણી પીવું છે, તો એ પહેલા નીરુમા પાણી ધરી દે. દાદા ઉધરસ ખાય એ પહેલા તેઓ થૂંકદાની ધરી દે. નીરુમા દાદાશ્રીને માફક આવે એવું ભોજન અત્યંત ચોકસાઈથી કાયમ બનાવતા. તેઓ દાદાશ્રીના સ્વાસ્થ્યની પૂરેપૂરી કાળજી રાખતા, જાણે કે પોતાનો જ દેહ ના હોય !


એક વાર દાદાને પગનું ફ્રેક્ચર થયેલું. એમને હોસ્પિટલમાં દાખલ કરેલા. બપોરનો સમય થયો એટલે દાદા કહે, ''મારે ખાવું નથી. લિક્વિડ કે જ્યુસ લઈશ.'' પછી સાંજનું જમવાનું આવ્યું ત્યારેય દાદા કહે, ''ના, મારે નથી ખાવું.'' નીરુમાએ કહ્યું, ''દાદા ખાવું તો પડશે જ ને ! ભૂખ્યું તો કેમનું ચાલે ? ખાશો નહીં તો આ સંધાશે નહીં જલદી.'' બહુ કહ્યું ત્યારે ધીમે રહીને દાદા બોલ્યા, ''હું ખાઉં તો મારે પછી ટોઈલેટ જવું પડેને, પછી પ્રોબ્લેમ થાયને.''

આ સાંભળીને નીરુમાની આંખમાં પાણી આવી ગયા કે, અરેરે! આટલા ખાતર દાદા ખાતા નથી! એમણે કહ્યું, ''દાદા, તમે એની જરાય ફીકર નહીં કરતા, હું બધું તમારું સાચવી લઈશ. હું બધુંય તમને બેડ (પથારી) પર કરાવી લઈશ. પણ તમારે ખાવું તો પડશે દાદા.'' અને પછી દાદા જમ્યા.



દાદાની હાલત જોઈને નીરુમાને સતત અંદર રહ્યા કરે કે મારે દાદાની સેવામાં રહેવું છે. કારણ કે દાદાને બાથરૂમ જવું હોય, ટોઈલેટ જવાનું થાય, ગમે ત્યારેજવું પડે તો એ બધી સેવા કરવી છે. પણ નીરુમા તો ત્યારે બધા કરતાં નાના હતા. નીરુમાને અંદર થાય કે મને નર્સ તરીકે રાખે, આયા તરીકે રાખે તોય મને વાંધો નથી પણ મને સેવા મળે તો સારું.

દાદાએ જમી લીધું ત્યારે નીરુમાએ એમને એક નાનકડી ચબરખીમાં લખીને આપ્યું કે, ''દાદા મને તમારી ચોવીસ કલાકની નિરંતરની સેવા કરવાનો મોકો આપજો. આટલી કૃપા કરજો.'' એમ કરીને નીરુમાએ ચીઠ્ઠી લખી આપી. દાદાએ એ વાંચીને ઓશીકા નીચે મૂકી દીધી. કશુંય બોલ્યા જ નહીં. એટલે નીરુમાને થયા કરે કે સેવા મળશે કે નહીં? પણ અંદર તો એવું જ રહે કે મારે સેવા કરવી જ છે.



રાતના ૯ વાગ્યા એટલે વડીલ મહાત્માઓએ નીરુમાને કહ્યું, ''હવે તું ઘેર જતી રહે છોડી. રાત થઈ. સવારે આવજે.'' દાદા પલંગમાં સૂતા સૂતા બધું જોતા હતા. એમણે પૂછ્યું, ''શું વાત ચાલે છે?'' મહાત્માઓએ જવાબ આપ્યો, ''એ તો અમે નીરુને કહીએ છીએ કે ઘેર જઈને સૂઈ જાય. કાલે આવે.''

એટલે દાદાએ કહ્યું, ''ના, ના, સેવાનું કામ તમારું નહીં. તમે બધા નોકરી-ધંધાવાળા, બૈરી-છોકરા વાળા. એક દા'ડો કરશો ને પછી જતા રહેશો. આ નીરુબેન તો સાવ એકલા જ ને, એટલે એ મારી સેવા કરી શકે. અને વળી, નીરુબેન દાક્તર ખરા ને એટલે એમને સેવા કરતા સારી આવડે.''

આટલું કહ્યું તોય પેલા લોકો તો ઊભા જ રહ્યા. એટલે દાદા ધીમે રહીને બોલ્યા, ''નીરુબેનને અમારે જ્ઞાનના ટોપ લેવલ ઉપર લઈ જવા છે. એટલે એમને અમારી સેવામાં રાખીને લઈ જઈશું.''

પછી તો કોઈને કંઈ બોલવાનું રહ્યું જ નહીં. બધા નીકળી ગયા. નીરુમાને તો એટલો બધો આનંદ થયો કે, ઓહોહો! દાદાએ મને એમની સેવાને લાયક ગણી!

અને ત્યાર પછી નીરુમાને ચોવીસેય કલાક દાદાની સેવા મળી ગઈ. નીરુમા કહેતા કે, ''દાદાની કૃપા જબરજસ્ત હશે, નહીં તો આવું બને જ નહીં.''

# દાદા પ્રત્યે અનન્ય ભક્તિ અને અભેદતા

દાદાએ કહ્યું હતું કે નીરુને જબરજસ્ત સમર્પણ ભાવ ઉત્પન્ન થયો છે. અર્પણતા બહુ સારી રહે એટલે જબરજસ્ત ફળ મળે. તેઓ એમ પણ કહેલું કે, ''નીરુબેન તો અમારી પાછળ એવા પડી ગયા છે કે અમને કહે છે કે દાદા તમારે અમારી જે ભૂલો બતાડવી હોય એ બતાડજો છૂટ છે. પણ અમને તમારી પાસે જ રહેવા દેજો. તમારે જે કરવું હોય એ કરજો. મારવું હોય, જે કરવું હોય એ કરજો. તમે જે



કહેશો એ કરવા તૈયાર છીએ. તમે એમ કહેશો કે નીરુબેન તમે પહાડ પરથી ભૂસકો મારો તો એ સેકન્ડે નીરુબેન એમ કહેશે કે હું ભૂસકો મારીશ. દેહના કટકે કટકા કરી નાખશો તોય દાદા તમને નહીં છોડું. આ તો ક્ષત્રિયાણી કહેવાયને ! આવું તો અમે કોઈનુંય જોયું નથી.''

નીરુમા વારંવાર દાદાને કહ્યા કરે કે, ''દાદા, તમે મને છોડીને તો નહીં જાઓને ?'' તો દાદા કહેતા કે, ''ના, ના, નહીં છોડીને જાઉં. આપણે જોડે ને જોડે જ છીએ. છેક મોક્ષે જતા સુધી આપણે જોડે ને જોડે જ છીએ. હજુ એક અવતાર આપણો થવાનો છે ત્યારે તમે અને હું બન્ને જોડે ને જોડે જ હોઈશું. આમ જ સાથે ને સાથે, આટલા જ નજીક હોઈશું. ત્યારે તમારો પુરુષ દેહ હશે. હજુ એક અવતાર આપણો થવાનો છે. પછી સાથે સાથે આપણે મોક્ષે જઈશું.'' તો પણ નીરુમાએ દાદાને કહ્યું, ''દાદા, મને પ્રોમિસ આપો હો કે તમે મને છોડીને નહીં જાવ.'' તો દાદાએ હાથમાં હાથ આપીને પ્રોમિસ આપ્યું કે, ''હા, અમે તમને છોડીને નહીં જઈએ. છેક મોક્ષે જતાં સુધી જોડે જ રાખીશું.''

દાદાએ નીરુમાની ઠેઠ સુધીની જવાબદારી લીધી છે. એક દિવસ તેઓએ નીરુમાને કહ્યું, ''નીરુબેન, તમને મારાથી કોઈ વિખૂટા પાડી શકે તેમ નથી. હું તારી જોડે ને જોડે છું. એક પણ મછરું તારી પાસે નહીં આવવા દઉં (બધી રીતે રક્ષણ કરીશ) અને છતાંય તું જ્યારે ખૂબ જ કંટાળી જાય ને મને કાગળ લખીશ કે તુર્ત જ આ દાદા તારી પાસે આવીને ઊભા રહેશે.''

૬૮ની સાલમાં જ્યારે નીરુમાના પિતાશ્રી બાલુભાઈનું અવસાન થયું ત્યારે દાદાએ નીરુમાને કહ્યું, ''જા, આજથી તારો બાપ હું, અહીં મામાની પોળે બેઠો છું. તું ચિંતા ના કરીશ. ઔરંગાબાદ બધા ભાઈઓને પણ કહેજે એમનો બાપ મામાની પોળે બેઠેલો છે. કોઈ ચિંતા ના કરતા.''

એ વાતનું વર્ણન કરતા નીરુમા કહેતા, ''તે દિવસથી મને એવું જ રહેતું હતું કે ચૌદ લોકનો નાથ, મારો બાપ છે, પછી મારે શું છે ફિકર ? ખરેખર દાદાએ મને બાપ તરીકે બધું જ આપ્યું અને જ્ઞાની તરીકે પણ બધું જ આપ્યું.''

૧૯૮૭ની વાત છે. એકવાર દાદાએ કહ્યું, ''નીરુબેન, અમને એક તમારા એકલા ઉપર રાગ છે. અમને જ્ઞાનીને કોઈના પર રાગ હોય નહીં પણ તમારા પર અમને છે પૂર્વભવનું, ડિસ્ચાર્જનું. બધી વ્યક્તિઓ જોડે ખાલી થઈ ગયું પણ આ એક બાકી રહી ગયું હશે.''

નીરુમાને તો આ સાંભળીને ખૂબ જ નવાઈ લાગી. અચરજ સાથે તેઓ બોલ્યા, ''શું વાત કરો છો દાદા! ૨૦ વર્ષમાં તમે આ પહેલી વાર કહ્યું. દાદા મને તો ખબર જ ના પડી. પહેલેથી કહ્યું હોત તો!''

દાદાએ ધીમે રહીને કહ્યું, ''તમને ખબર પડી જાય તો તો તમે જમીન પર રહો કે ! ઉપર જ ચડી જાવને ? એટલે અમે ખબર ના પડવા દઈએ.''

દાદાએ આવું કહ્યું એ નીરુમાને ખૂબ મીઠું લાગ્યું.

મિનિટે મિનિટે, સેકન્ડે સેકન્ડે દાદાના સાનિધ્યમાં જ રહેતા નીરુમાને, દાદાનો દેહવિલય થયો ત્યારે બહુ મોટો ખાલીપો લાગેલો. તે દિવસે ખાલીપાની અસર ચાલતી હતી ત્યારે રાત્રે ૧૨ વાગે નીરુમાને જરાક ઝોકું આવી ગયું હશે. અને ઝોકામાંથી આંખ ખુલીને ત્યારે એકદમ એમને દાદાનો અવાજ ચાલુ થઈ ગયો, ''તું શું કરવા ફિકર કરે છે ? હું છું ને તારી જોડે, તું તારું કામ કરે જા. તું શું કરવા ફિકર કરે છે ? હું છું ને તારી જોડે, તું તારું કામ કરે જા. નોન-સ્ટોપ ચાલુ થઈ ગયું. નીરુમા કહેતા, ''હજુ પણ કંઈક પ્રોબ્લેમ આવેને તો આ ચાલુ થઈ જાય દાદાનો અવાજ કે, તું શું કરવા ફિકર કરે છે, હું છુંને તારી જોડે, તું તારું કામ કર્યે જા. દાદાનો વિરહો લાગે એ બધું થાય પણ આ તો ક્યારેય નથી થયું કે દાદા મારી સાથે નથી.''



## દાદા પ્રેમ વરસાવે !

આખા જગતમાં આ નીરુ જેટલું કોઈ ભાગ્યશાળી નથી. એનું અમે ભાગ્ય જોયું છે, ગજબનું છે. આ નીરુબેન એમ.બી.બી.એસ. થયા છે અને ચોવીસ વર્ષની ઉંમરે અમને મળેલા.

એની શરણાગતિ બહુ ઉત્તમ છે. એની વૃત્તિઓ સરસ છે. એમને ટકોર કરી હોય તો તે પ્રમાણે ફેરફાર થઈ જાય. એના જે દર્શન કરશે, તેનુંય કલ્યાણ થશે ! કેટલાય અવતારોથી આવી ને આવી રીતે અમારી જોડે જ છે. એમને ના ગમતું કશું નહીં, બધું જ ગમે. આટલા વર્ષોથી નિરંતર અમારી જોડે ને જોડે જ રહ્યા છે પણ એમને કશી ભાંજગડ નહીં ને ! નીરુબેન એકલાને જ અમારા દોષ નહીં દેખાયા, કેટલાંય વર્ષોથી જોડે રહે છે પણ એક સેકન્ડેય દોષ ના દેખાયો તે આ નીરુબેન ! તે ભારે કહેવાયને ?

એમણે આ ચાર ક્રોધ-માન-માયા-લોભ જીત્યા છે. કહો, આ ચારેવ ગોન ! આ જ્ઞાની (મહાત્મા) ઓ રોજ નિરંતર 'જ્ઞાની પુરુષ'ને ભજે છે. એમના પગ નીચેની ધૂળ ચઢાવશેને તોયે કલ્યાણ થશે.

પ્રશ્નકર્તા : અમને પણ નીરુબેન જેવા ટીપીને બનાવો.

દાદાશ્રી : એ તો પુણ્ય હોય તો થઈ જાય. એમાં પુણ્ય જોઈએ.

પ્રશ્નકર્તા : આ નીરુબેનને દાદા જોડે રહેવા મળ્યું તે એમણે કેવું પુણ્ય કર્યું હશે ?

દાદાશ્રી : સત્ય પ્રાપ્ત કરવા મરી ફીટવું છે, એ ભાવનાનું ફળ તેથી જ્ઞાનીની જોડે રહેવા મળે. અને જો જલેબી ખાવા રહે તો તેવું મળે. અમારી પર એમનો પ્રેમ હતો. પણ એ દાદા ઉપર જ પ્રેમ હતો. એમનો જ્ઞાન ઉપર બહુ પ્રેમ, બહુ શ્રદ્ધા. નીરુ ડૉક્ટર થઈ છે પણ પોતાનું કશું જ એની પાસે રાખ્યું છે ? અને મારું જ બધું ભર ભર કર્યું છે. આ નીરુ ૨૮ વર્ષની, વૈષ્ણવમાં જન્મેલી તે વીતરાગ મૂર્તિના દર્શનેય ન્હોતા કર્યા. તેને આ જ્ઞાન કેવું સુંદર રહે છે ! આ તો વિજ્ઞાન છે. વિજ્ઞાનને સમજી લઈ અને આજ્ઞામાં રહે છે તેથી.

બીજાથી મારી સેવા કમ્પલીટ પૂર્ણ થઈ શકે નહીં, નીરુબેન તો બધી સેવા કરે છે. આ નીરુને પૂર્ણ એવી કરવાની છે કે ભલભલા પુરુષોને આંજી નાખે.



દાદાશ્રી : દાદા તમને શું કહે છે ? મધર જેવા કહે છે, બા જેવા કહે છે, નહીં?

નીરુમા : ઝવેરબા જેવો તમારો પ્રેમ છે.

દાદાશ્રી : ઝવેરબા જેવા છો !

૧૯૮૭માં પરમ પૂજ્ય દાદાશ્રીએ પૂજ્ય નીરુમાને કહેલું કે, 'તમારે આખા જગતના મધર થવાનું છે.' આ જ ભાવના સાકાર બની જ્યારે બધા તેમને 'નીરુબેન'ને બદલે 'નીરુમા' કહેવા લાગ્યા. એમના રહેઠાણનું નામ 'વાત્સલ્ય' ધરાવતા પૂજ્ય નીરુમા ખરેખર એક અજોડ વાત્સલ્યમૂર્તિ સમાન જ હતા.

એક વાર નીરુમાએ અમેરિકા જતી વખતે બધી બ્રહ્મચારી બહેનોને પૂછ્યું કે ત્યાંથી કંઈ જોઈએ છે ? શું લાવીએ તમારા માટે ? બધા તો કહે, "કંઈ નથી જોઈતું, તમે વહેલા વહેલા આવી જજો." અને નીરુમા અમેરિકા ગયા.



થોડા વખત પછી એક બ્રહ્મચારી બહેન, જે અમેરિકાથી આવવાની હતી, એનો બધી બહેનો સાથે વાત કરવા માટે ફોન આવ્યો. એણે પણ પૂછ્યું કે કોઈને કંઈ જોઈએ છે ? એક બહેનને હુડવાળું જેકેટ જોઈતું હતું, એ એણે લખાવ્યું. એનું જોઈને બીજા બધાએ પણ પોતાની પસંદગીના જેકેટ લખાવ્યા.

નીરુમા ત્યારે ત્યાં જ હતા. પેલી બહેને નીરુમાને લીસ્ટ દેખાડ્યું. નીરુમા કહે, "હું આવવાની હતી ત્યારે મેં બધી જ છોકરીઓને પૂછ્યું હતું કે કોઈને કંઈ જોઈએ છે, તો બધાએ કહ્યું કે ના, અમને કંઈ નથી જોઈતું અને તે પૂછ્યું તો આવડું મોટું લીસ્ટ આવી ગયું. તારે કોઈનું નથી લઈ જવાનું."

પેલી બહેને તો તરત જ ફોન કર્યો કે નીરુમાને ખબર પડી ગઈ છે અને નીરુમા ત્યાં આવીને બધાનો વારો કાઢવાના છે. બધા તૈયારી રાખજો અને હવે કોઈના સ્વેટર આવવાના નથી. આ સાંભળીને બધી બ્રહ્મચારી બહેનો ફફડવા લાગી કે નીરુમા આવશે ને વઢશે. નીરુમાના પાછા આવવાના દિવસો ગણાતા હતા.



# આખા જાતના "મધર"... આપણા નીરુમા...

નીરુમા આવ્યા. દર વખતે નીરુમા આવે ત્યારે બધા ખુશ હોય પણ આ વખતે તો વઢ પડવાની હતી એટલે નીરુમા બોલાવશે તો શું કહેશું એવો બધાને ડર લાગતો હતો.

આપ્તપુત્રી બહેનો નીરુમાને મળવા ગયા. નીરુમાએ એમને કહ્યું, ''આ છોકરીઓને હું પૂછું છું તો ના પાડે છે કે કશું નથી જોઈતું અને ત્યાં આવડું મોટું લીસ્ટ આવ્યું હતું. મા પૂછે છે, શું જોઈએ છે તમને, તો ના પાડે છે અને બીજાની પાસે મંગાવે છે. એમને કહેજો કે બધા પોતપોતાનો મોહ જુએ.'' આપ્તપુત્રી બહેનોએ બ્રહ્મચારી બહેનોને નીરુમાનો મેસેજ આપ્યો. બધાનો ફફડાટ વધી ગયો.

અઠવાડિયામાં તો નીરુમાએ બધી બહેનોને બોલાવ્યા. બધા ચૂપચાપ નીરુમા સામે ગોઠવાઈ ગયા. નીરુમાએ એક આપ્તપુત્રી બહેનને કહ્યું,''લાવ તો, પેલું લીસ્ટ આપ.'' બધાના ધબકારા વધી ગયા હતા. એટલામાં તો એક બહેન નીરુમાના જેકેટનો લોટ લઈ આવી. બધા તો જોતા જ રહી ગયા.

નીરુમા એક પછી એક બધાના નામ બોલતા ગયા અને જેણે જે કલર અને સ્ટાઈલનું જેકેટ મંગાવ્યું હતું તેવું પેલા લોટમાંથી મળે તો કાઢીને આપતા ગયા. નીરુમા બોલ્યા, ''અમે બધા માટે એમની ચોઈસના જેકેટ ખરીદીને શીપમેન્ટ કર્યું હતું પણ શીપમેન્ટ ખોવાઈ ગયું હોવાથી અત્યારે મારી પાસે જેટલા છે એમાંથી આપી દઉં છું. રહી જશે એના માટે મંગાવી દઈશું.''

છોકરીઓએ તો ધાર્યું જ નહોતું કે આવું થશે. બધા નીરુમાને પગે લાગી પ્રસાદી લેતા ગયા અને જગ્યા પર બેસતા ગયા. બધાને ખુશી પણ હતી અને ગડમથલ પણ હતી. પણ નીરુમા તો જાણે કંઈ જ ન બન્યું હોય એમ બધાને પ્રસાદી આપતા ગયા. હસતા ગયા અને હસાવતા ગયા. બધા હળવા ફુલ થઈ ગયા.

અને છેલ્લે કહ્યું, ''હવેથી મા પાસે માગજો. બીજા પાસે નહીં.'' અને બધા નીરુમાને ઘેરી વળ્યા.



# નીરુમાની કરુણા

નીરુમા એમનો અંતરનો ભાવ વ્યક્ત કરતા કહેતા, ‘‘મને અંદર ભાવ થાય, હું બોલું નહીં. પણ મનમાં દાદાને કહું કે તમે મને તો લઈ જવાની જવાબદારી લીધી છે, પણ હું એકલી નહીં આવું. તમારી પાછળ બધાને લઈને આવીશ. મારે એકલાએ નથી આવવું દાદા પણ મારે આ બધાને લઈ જવા છે. આ બધાએ શું ગુનો કર્યો? શું કામ ચૂકી જાય?’’

એક પ્રસંગ છે. જ્યારે ટી.વી. પર સત્સંગ શરૂ થયા ત્યારે શરૂઆતમાં સત્સંગનું સ્પેશિયલ રેકોર્ડિંગ કરવું પડતું. તે વખતે આપણી પાસે કેમેરા નહોતા. સાવ નાના રૂમમાં રેકોડીંગ ચાલતું હતું. એક તો નાનો રૂમ અને એમાંય એકદમ હેવી, હજાર-હજાર વોલ્ટનું હેલોજનનું ફોકસ (શૂટિંગ માટેની સ્પેશિયલ મોટી લાઈટો) નીરુમા ઉપર સતત પડ્યા કરે. ઉપરથી એ.સી. અને પંખા ય બંધ રાખવાના હોય. તેથી રૂમમાં ખૂબ ગરમી હોય. એકધારું કલાકના એપીસોડ રેકોર્ડ કરવાના હોય. કલાક સુધી જરાય હલવાનું નહીં. સામે કોઈ જ નહીં અને કેમેરા સામે જોઈને બોલ્યા કરવાનું. એક એપીસોડ પૂરો થાય એટલે આખી રાત નીરુમાની આંખો પર કાકડીના પોતા મૂકવા પડે એટલી બધી એમની આંખો બળવા લાગે.

આપણી સત્સંગની સ્ટાઈલ પ્રશ્નોત્તરી રૂપે હોય પણ રેકોર્ડિંગ વખતે તો એમની સામે કોઈ જ ન હોય, ફક્ત કેમેરા સામે જોઈને બોલવાનું, એ સહેલું ન હતું. ત્યારે નીરુમા કહેતા કે અમને કેમેરાની પાછળ હજારો-લાખો લોકો દુઃખમાં, અણસમજણથી આમ રાત-દહાડો ક્લેશમાં જીવન વીતાવી રહ્યા છે એવું દેખાય છે અને એમને જોઈને આ વાણી નીકળ્યા કરે છે.

કરુણાથી નીકળેલા એ શબ્દો આજે લોકોને કેટલું બધું હેલ્પ કરે છે. ટી.વી. દ્વારા આજે લાખો લોકો નીરુમા થકી દાદાના જ્ઞાનને પામી રહ્યા છે. ટી.વી. પર સત્સંગ સાંભળીને હજારો ઘરો સ્વર્ગ જેવા થઈ ગયા. પણ એના માટે જ્ઞાની પોતે કેટલા બધા એડજસ્ટમેન્ટ લે છે. પોતાની જાતને આખી ઘસી નાખે છે.

સામે કોઈ હોય નહીં ને બોલ બોલ કરવાનું એ એડજસ્ટમેન્ટ ભારે છે પણ નીરુમાને તો કેમ કરીને લોકો બધા દુઃખોમાંથી બહાર નીકળે એ જ રહ્યા કરે અને માટે એમને ક્યારેય ક્યાંય પ્રોબ્લેમ જેવું લાગે જ નહીં. આ તો એક પ્રસંગ છે. આવા તો કેટલાય પ્રસંગો છે જેમાં નીરુમા હસતા હસતા એડજસ્ટમેન્ટ લઈને એને પાર પાડી દેતા. અને એ જ એમની કરુણા છે.



# પ્રેમસ્વરૂપ નીરુમા

નીરુમાનો એક બહુ મોટો કાયદો હતો. વસ્તુઓ બગડે, મોડી થાય, વહેલી થાય એ બધું ચલાવી લેતા પણ વ્યક્તિને દુઃખ ના થવું જોઈએ. એનો અહંકાર ના દુભાવો જોઈએ. એનું મન પણ ના દુભાવું જોઈએ. એવી રીતે એને ખૂબ સાચવતા. એમણે વસ્તુની કીંમત ક્યારેય મૂકી ન હતી. વ્યક્તિની કીંમત મોટી ગણી હતી.

એક વાર બધા ભાઈઓ સવારે વહેલા વાત્સલ્યમાં ગયેલા. થોડી વાર બેઠા પછી નીરુમાએ એક ભાઈને પૂછ્યું, ''તારાથી કોઈને દુઃખ થાય એવું બને ? તો એ ભાઈ કહે, ''હા, નીરુમા એવું થાય પણ પછી અંદર બહુ પસ્તાવો થાય. ખબર પડે કે આને દુઃખ થઈ ગયું ત્યારથી રૂબરૂ માફી ન માંગું ત્યાં સુધી ચેન ન પડે એવું થાય.''

નીરુમા બોલ્યા, ''આ જેટલા અહીં બ્રહ્મચારી ભાઈઓ હોય કે મહાત્માઓ હોય તો એ બધા જ દાદા, નીરુમાના દિલના ટુકડા છે. એક જ શરીરના બધા અંગ છે. કોઈ હાથ છે, કોઈ પગ છે, કોઈ માથું છે. કોઈનેય દુઃખ થયું તો દાદાને ડાયરેક્ટ દુઃખ પહોંચાડ્યા બરાબર છે.''

પેલા ભાઈને નીરુમાના શબ્દો એટલા બધા ટચ થઈ ગયા કે મારા નિમિત્તે કોઈને પણ દુઃખ થયું તો, જે મારું સર્વસ્વ છે, નીરુમા, એમને દુઃખ પહોંચાડ્યા બરાબર છે.

એ દિવસથી એ ભાઈને એ બાબત માટે વિશેષ જાગૃતિ ઊભી થઈ ગઈ. આમ ખ્યાલમાં રહેતું હતું પણ નીરુમાના શબ્દોએ બહુ હેલ્પ કરી. અને એ કાયમ માટે યાદ રહી ગયું.

બીજો એક પ્રસંગ એવો બન્યો હતો કે નીરુમાની સેવામાં ઘણી બ્રહ્મચારી બહેનો હતી. નીરુમા ગામેગામ જાય ત્યારે બે-બે બહેનો એમની સાથે એમની સેવામાં જતી. એક વાર મુંબઈ જવાનું થયું. ત્યાં જે બે બહેનો હતી, એમાં એક કામકાજ, સૂઝમાં બધી રીતે તેજ અને બીજી અતિશય ધીમી. તેથી રસોઈમાં કે કામમાં બેઉનો મેળ જ ન પડે. જે બહેન ઝડપી હતી એ એવી કંટાળી હતી કે પાછા આવ્યા પછી એણે નીરુમાને ફરિયાદ કરી કે હવેથી હું આને કયારેય નથી લઈ જવાની. મને એની સાથે જરાય નથી ફાવતું. પેલી ધીમી બેન તો નીચું જોઈને ઉભી રહી હતી.

નીરુમાએ બધું શાંતિથી સાંભળ્યું. કશું બોલ્યા નહીં. પછી બીજી વાર જ્યારે મુંબઈ જવાનું થયું ત્યારે નીરુમાએ કહ્યું, '' પેલીની ટિકિટ કઢાવી લે. આપણે એને જ લઈ જવાની છે. આપણે અહીં કોઈને ખસેડવા નથી લાવ્યા, ખીલવવા લાવ્યા છીએ.''

નીરુમા ધારત તો વ્યક્તિ બદલી શકત. એમની સેવા માટે તો કેટલા બધા તૈયાર હોય પણ એમનું કેવું હોય કે કોઈને લીધા પછી ખસેડવાની વાત નહીં કરવાની. ઉમેરવાની વાત ચાલે, પણ ખસેડવાની નહીં. ખસેડવા કરતા કેવી રીતે એમનું ખીલે એ તરફ જ એમની દૃષ્ટિ હોય. એ માટેના તેઓ બધા પ્રયત્નો કરી છૂટે.

# આ તો નવી જ વાત !

બધા દાદાની પાંચ આજ્ઞામાં રહેતા પણ ખાવાની બાબતમાં દાદા નીરુમાની આજ્ઞામાં જ રહેતા.



નીરુબેન, તમે મધરની જેમ અમારી નર્સરી કરી છે, દીકરીની જેમ ચાકરી કરી છે અને નર્સની જેમ સેવા કરી છે.




દાદાશ્રી : એક પ્રોમિસ અમે હીરાબાને લગ્ન વખતે આપ્યું હતું. પ્રોમિસ ટુ પે. અને આ એવું જ બીજુ પ્રોમિસ અમે તમને દીકરીને આપીએ છીએ કે અમે તમને છોડીશું નહીં. છેક મોક્ષે જતાં સુધી જોડે જ રાખીશું.






આ નીરુ ભલે નાની હોય, પણ તેના જે દર્શન કરશે, તેનુંય કલ્યાણ થશે.





દેહ નિર્વાણ થયો એ પહેલા દાદાએ કહ્યું'તું કે, "છ મહિના પછી નીરુબેનનું બધું ચોખ્ખું થઈ જશે."



૧૯૮૭ની વાત છે. એક્સિડન્ટ થયા પછી દાદાની તબિયત બહુ નબળી થઈ ગયેલી. ખવાય નહીં, પચે નહીં, એટલે ડૉક્ટરે દાદાને રોજ સાંજના મગની દાળના પુડા ખાવાના કીધા. દાદા નીરુમાને કહે, ‘‘નીરુબેન, રોજ સાંજના મગના પુડા બનાવજો. ઝવેરબા (દાદામા મધર) બનાવતા’તા એવા બનાવજો.’’

ઝવેરબા કેવા પુડા બનાવતા હશે એ નીરુમાને ક્યાંથી ખબર હોય ! પછી દાદાએ જ એમને આખી રેસીપી (બનાવવાની રીત) આપી. નીરુમાએ તો સાંજના પુડા બનાવવાના શરૂ કરી દીધા. દાદા રોજ સાંજના ૬ વાગે જમીને જ નીકળે.

એક વાર દાદા પોણા છ વાગે જમવા બેઠા. નીરુમાએ રોજની જેમ ગરમ ગરમ પુડા બનાવવાની તૈયારી



# સોનેરી પળો જ્ઞાની સંગે

કરી. પણ બન્યું એવું કે તે દિવસે નીરુમા પુડા ઉખેડવા જાય તો ઉખડે જ નહીં, બગડી જ જાય, લોચો થઈ જાય. તવીઓ બદલી, ખીરામાં લોટ ઉમેર્યો પણ બરાબર ઉખડે જ નહીં, લોચો જ થઈ જાય, ટુકડે ટુકડા થઈ જાય.

પણ શું થાય? દાદાને ખવડાવવું તો પડે જ ને ! એટલે એ ટુકડા મોકલી આપ્યા. દાદાએ પુડું ઊંચું કરીને જોયું,‘‘આ શું બનાવ્યું ? નીરુબેનને બોલાવો.’’ પીરસનારી બહેને નીરુમાને જઈને કહ્યું, ‘‘નીરુબેન, તમને દાદા બોલાવે છે.’’ પણ નીરુમા જાય જ નહીં. નીરુમાને દરેક પુડા વખતે એવું થાય કે હવે બનશે જ. આ સારું બને એટલે દાદાને ખવડાવી દઈશ. પણ એ દિવસે નીરુમાથી પુડા એટલા રીસાયા હતા કે એક પણ ઉતરે જ નહીં. અંતે એ બહેને કહ્યું, ‘‘નીરુબેન, હવે

આવા પુડા લઈને દાદા પાસે જવાની અમારી હિંમત નથી. તમે જાવ.''

અંતે છેલ્લો એક પુડો સરસ ઉતર્યો. નીરુમા જાતે લઈને દોડતા દોડતા દાદાને પીરસવા ગયા. ખાઈને કંઈ પણ બોલ્યા વગર દાદા સત્સંગમાં જતા રહ્યા. નીરુમાને અંદર થયા કર્યું કે દાદા આજે ભૂખ્યા રહ્યા.

સત્સંગ પૂરો થયા પછી નીરુમાએ દાદાને કહ્યું, ''દાદા, ખબર નહીં આજે પૂડા ઉતરતા જ નહોતા.''

દાદા બોલ્યા, ''પણ તમે છેલ્લી ઘડીએ શું કરવા ઉતારવા બેઠા ? પહેલેથી જ ઉતારીને મૂકી રાખતા હો તો.''

નીરુમાએ ફોડ પાડ્યો, ''ના દાદા, તમને ગરમ ગરમ ખવડાવુંને. ઠંડા તો સારા જ ન લાગે.''

દાદા કહે, ''હું ક્યાં ગરમ પૂડા ખાઉં છું. મને તો ઠંડા જ ભાવે છે''

ત્યારે નીરુમાને પહેલી વાર ખબર પડી કે દાદાને ઠંડા પુડા ભાવે છે. દાદા રોજ આટલું એડજસ્ટમેન્ટ લેતા હતા એ ખબર જ ન પડી. પછીથી રોજ દાદા ચાર વાગે બનાવેલા પુડા પોણા છ વાગે ખાતા.

એક દિવસ દાદાએ ધીમે રહીને કહ્યું, ''નીરુબેન, બીજા બધાની ભૂલ થાય તો અમે કશું જ ના બોલીએ. બોલીએ છીએ કોઈ દહાડો કશું ય ? પણ તમારું ના ચલાવી લેવાય. તમે અમારી સેવામાં રાત-દા'ડો હો છો. પછી લોકો તો બધા એવું જ કહેને કે નીરુબેન તમારી સેવામાં રાત-દા'ડો રહે છે તોય ભૂલો કરે છે એટલે અમારી ઉપર આવી પડે. અમારી જવાબદારી થઈ જાય. એટલે અમારે તમને કહેવું પડે, કહેવું ના પડે ?''

નીરુમા કહે, ''ના, ના, બરાબર છે કહેજો.''

પછી દાદા ખૂબ પ્રેમથી બોલ્યા, ''આ હીરાબા ગયા, હવે અમારું કોણ રહ્યું, જે છે એ હવે નીરુબેન તમે જ છોને. તમે તો અમારી ઝવેરબાની જેમ અમારી નર્સરી કરી છે. હીરાબાની જેમ ખડે પગે ઊભા રહ્યા છો, પડછાયાની જેમ. દીકરીની જેમ ચાકરીય કરી છે. તમે બધી રીતે અમને સાથ આપ્યો છે. અમેરિકા નાના બાબલાને લઈ જવાનો હોયને ઠેઠ એરપોર્ટથી ફ્લાઈટ ઉપડે તે બીજા એરપોર્ટ ઉતરે ત્યાં સુધી જે રીતે લઈ જાવ, એ રીતે લઈ ગયા છો. માટે તમને ભૂલ વગરના કરવા એ અમારી જવાબદારી છે.''


'અક્રમ એક્સપ્રેસ' માસિકની માહિતી - ફોર્મ નં. ૪ (રૂલ નં. ૮)

૧. પ્રકાશનનું સ્થળ : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.
૨. પ્રકાશનનો સમય : માસિક
૩. મુદ્રકનું નામઃ અંબા ઓફસેટ, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : પાર્શ્વનાથ ચેમ્બર્સના બેઝમેન્ટમાં, નવી આરબીઆઈ પાસે, ઉસ્માનપુરા, અમદાવાદ-૧૪
૪. પ્રકાશનનું નામઃ મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય,
સરનામું : ૫, મમતાપાર્ક સોસાયટી, નવગુજરાત કોલેજની પાછળ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪
૫. તંત્રીનું નામઃ ડિમ્પલ મહેતા, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
૬. માલિકોના નામઃ મહાવિદેહ ફાઉન્ડેશન, રાષ્ટ્રીયતા : ભારતીય, સરનામું : ઉપર મુજબ.
હું ડિમ્પલ મહેતા, આથી જાહેર કરું છું કે ઉપરની માહિતી મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.
તા. ૮-૩-૨૦૧૨, અમદાવાદ. મહાવિદેહ ફાઉન્ડેશન વતી ડિમ્પલ મહેતા (પ્રકાશકની સહી)

Akram Express

March 2012
Year : 4, Issue : 7
Conti. Issue No.: 43

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2012-2014
valid up to 31-12-2014
LPWP Licence No. CPMG/GJ/27/2012
valid up to 30-6-2012
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# પ્રેમથી રહો... પ્રૉમિસ ?



## નીરુમાનો અંતિમ સંદેશો

<u>અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના</u>

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ## હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 ##**.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.